અપીલ અરજી નં.૪૦૯ તા.૨૨–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૭–૨–૧૧ની અરજીથી (૧ ) ઉધના પોલીસ સ્ટેશનની સામેની ગલીમાં બાંધકામ ચાલુ છે. (૨) ગીન્જા ઈન્ડ.ની બાજુમાં રોડ નં.૨ (૩) ફોજી ઈન્ડ.ની સામે એમ.જી. રોડ નં.૧૦ (૪) રોડ નં.૨ ભારત પેટ્રોલ પંપ સામે, ઉપરોકત ચારેય જગ્યાએ બાંધકામો ચાલુ છે. તેની કાયદેસરતા પરવાનગી માળ ક્ષેત્રફળ પાર્કીગ વગેરે સંપુર્ણ માહિતી તથા આ બાંધકામની પરવાનગી ન આપી હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહીતની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૨–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૯/૨૦૧૦–૧૧.

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૭–૨–૧૧ની અરજીથી (૧) ઉધના પોલીસ સ્ટેશનની સામેની ગલીમાં બાંધકામ ચાલુ છે. (૨) ગીન્જા ઈન્ડ.ની બાજુમાં રોડ નં.૨ (૩) ફોજી ઈન્ડ.ની સામે એમ.જી. રોડ નં.૧૦ (૪) રોડ નં.૨ ભારત પેટ્રોલપંપ સામે, ઉપરોકત ચારેય જગ્યાએ બાંધકામો ચાલુ છે. તેની કાયદેસરતા પરવાનગી માળ ક્ષેત્રફળ પાર્કીગ વગેરે સંપુર્ણ માહિતી તથા આ બાંધકામની પરવાનગી ન આપી હોય તો જે તે જવાબદાર અધિકારીઓના નામ હોદ્દા સહીતની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./૭૬૬ તા.૧૮–૩–૧૧થી આપેલ માહિતીથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૮૭ તા.૨૫–૩–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ માંગેલ માહિતી પૈકી કઈ માહિતી અંગે નારાજગી છે તે અંગે તથા અપીલના નવા મુદ્દા મુળ અરજીમાં સમાવિષ્ટ હતા કે કેમ? તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૭–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૬૬ તા.૧૮–૩–૧૧ થી માંગવામાં આવેલ માહિતી (૧) ઉધના પોલીસ સ્ટેશનની સામેની ગલીમાં (૨) ગીન્જા ઈન્ડ.ની બાજુમાં રોડ નં.૨ (૩) ફોજી ઈન્ડ.ની સામે એમ.જી. રોડ નં.૧૦ માં ચાલતાં બાંધકામને ઉધનાઝોન ખાતેથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. (૪) રોડ નં.૨ ભારત પેટ્રોલપંપ સામેના ગેરકાયદેસર બાંધકામને ઉધનાઝોન ખાતેથી દુર કરવામાં આવેલ છે. ઉકત તમામ બાંધકામનું કાર્યક્ષેત્ર ઉધનાઝોન ઓફિસરના સબ ઝોન–૧ હેઠળના કર્મચારી/અધિકારીના વિભાગને લાગુ પડે છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે પત્ર ક્રમાંક સા.ઝોન/ટેક./૭૬૬ તા.૧૮–૩–૧૧ ના નિર્ણયથી નારાજ થઈ તા.૨૨–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૧,૨ અને ૩ માં પરવાનગી ન આપી હોવા છતાં અધિકારીઓના નામ અને હોદ્દાની માહિતી નહી પૂરી પાડયાના કારણો તથા મુદ્દા નં.૪ માટે ડીમોલીશન અંગે કોઈ નોટીસ આપી હોય કે ડીમોલીશન કરાયાની તારીખ અને ડીમોલીશન કરનાર અધિકારી સહિત માહિતી નહીં આપવાના કારણો ની રજૂઆત કરેલ છે. જે અંગે અત્રેથી અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૮૭ તા.૨૫–૩–૧૧ થી અરજદારને નારાજગી અને અપીલના નવા મુદ્દા અંગે મુળ અરજીમાં સમાવિષ્ટ હતા કે કેમ તે અંગે સ્પષ્ટતા માંગવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો જણાવવામાં આવેલ નથી. અરજદારના અપીલના મુદ્દા નં.૧,૨ અને ૩ માં જે તે અધિકારીઓના નામ અને હોદ્દાની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુળ અરજીના પરિપ્રેક્ષ્યમાં પૂરી પડાયેલ જણાતી નથી. જયારે મુદ્દા નં.૪ અંગે અરજદારને આપવામાં આવેલી માહિતી બાબતે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧,૨ અને ૩ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી લાગત વિસ્તારના અધિકારીના નામ અને હોદ્દા સહિતની નહીં પૂરી પડાયેલ માહિતી અંગે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૪ અંગે અરજદારે મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને આરટીઆઈના કાયદાની જોગવાઈઓ અને નિયમ અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ